





# ૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન સી સી,આણંદ દ્વારા ૭૨માં એન.સી.સી.દિવસની ઉજવણી કરાઈ

કમલમ દૈનિક, આણંદ

૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન સી સી,આણંદ દ્વારા ૭૨માં એન.સી.સી.દિવસ ની શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, ખેતીવાડી રોડ આણંદ ખાતે ઉજવણી કરવામાં આવી. હતી.દર વર્ષે એન સી સી દિવસ નવેમ્બર નાં ચોથા રવિવારે ઉજવવામાં આવે છે. સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ ખેતીવાડી ખાતે પ્રિન્સિપાલ શ્રી મિતેશભાઈ પટેલ દ્વારા એન સી સી ફલેગ નું ધ્વજ વંદન કરવામાં આવ્યું.ત્યારબાદ કોવિડ-૧૯ થી રક્ષા માટે અને કન્ટ્રોલ કરવા ઈ- પ્રતિજ્ઞા સમગ્ર ઓફિસ સ્ટાફ ,એ એન ઓ. તેમજ કેડેટ દ્વારા લેવામાં આવી હતી. એન.સી.સી. દિવસ ને અનુલક્ષીને ગ્રુપ મુખ્યાલય વલ્લભ વિદ્યાનગર વતી ૪ ગુજરાત બટાલિયન એન.સી.સી, વિદ્યાનગર,૨ ગુજ.ટેકનિકલ કંપની,૧૩ ગુજરાત બટાલિયન એન.સી.સી.તેમજ ૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી,આણંદ વગેરે બટાલિયન ના સ્ટાફ, જી.સી.આઈ. અને કેડેટ દ્વારા રક્ત દાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું. ૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન સી સી આણંદ દ્વારા ભારતીય બંધારણ ની મૂળભૂત ફરજો વિષયક વેબીનાર યોજવામાં આવ્યો હતો.જેમાં નલિની - અરવિંદ આર્ટ્સ કોલેજ નાં વ્યાખ્યાતા અને એન સી સી.ઈન્ચાર્જ તરીકે કાર્યભાર સંભાળતા ડો.કલ્પના માલવત દ્વારા સુંદર રીતે દ્રષ્ટાંત આપીને વેબીનારના માધ્યમથી સમજ આપવામાં આવી.આ વેબી નાર માં ૬૫ ગર્લ્સ કેડેટ, ૨ એ એન.ઓ. ૨ જી સી આઈ એ ભાગ લીધો.આ ઉપરાંત પોસ્ટર સ્પર્ધા, સ્વચ્છતા અભિયાન, અને આત્મરક્ષા માટે નવા અંદાજમાં દાવ વેસ્ટર્ન ઈંગ્લિશ મિડીયમ સ્કૂલનાં શિક્ષિકા શ્રીમતિ હિના શુક્લા દ્વારા શીખવવામાં આવ્યા. તેમની સાથે લેફટીનેન્ટ રૂચા દવે,શ્રીમતિ કલ્પના મલવત, થર્ડ ઓફિસર રેખા મકવાણા, થર્ડ ઓફિસર પ્રવીણ ભાઈ, તેમજ શાળાનાં પી. ટી.ટીચર કેતનભાઈ એ સહયોગ આપ્યો હતો.આ ૭૨માં એન.સી..સી.દિવસ ઉજવણીનો સમગ્ર કાર્યક્રમ મેજર કવિતા રામદેવ પુત્રના માર્ગદર્શન થી અને સુબેદાર હરિશંકર તેમજ ઓફિસ સ્ટાફ દ્વારા કોવિડ -૧૯ ની ગાઈડ લાઈન ,માસ્ક જરૂરી સાથે દો ગજ કી દૂરી જાળવીને સુંદર રીતે આયોજિત કરવામાં આવ્યો આ સમગ્ર કાર્યક્રમનું લેફ.સવિતા યાદવે સંચાલન કર્યું હતું.

# રાજકોટની આરોગ્યલક્ષી સુવિધાનો અવિસ્મરણીય અનુભવ સાથે લઈ જતા અરવલ્લીના અડગ આરોગ્ય કર્મીઓ

## ૬૦ વર્ષીય સાસુ-સસરા અને પાંચ વર્ષીય પુત્રના પ્રેમને તાકાત બનાવીને ૧ મહિનો પરિવારથી દૂર રહી નિષ્કામ સેવા આપનાર ફરજનિષ્ઠ ડો.સ્વીટી ચૌધરી






### "બહારગામના તબીબો માટે રહેવા-જમવા, સ્વાસ્થ્ય સલામતીની વ્યવસ્થા ઉત્તમ છે, ગભરાટ સાથે આવી હતી પરંતુ હવે રાજકોટથી ખુશ થઈને જવું છું"

કમલમ દૈનિક, રાજકોટ,

દેશના આરોગ્ય કર્મીઓ વસુધૈવ કુંટુંબકમ્ની ભાવના સાથે દરેક નાગરીકને કોરોનાથી રક્ષિત કરવા મુળ કાર્યક્ષેત્ર-પરિવારથી દૂર જઈને પોતાનું કર્તવ્ય નિભાવી રહ્યા છે. આવી જ કર્તવ્યપરાયણતા નિભાવી છે અરવલ્લી જિલ્લાના ૪ આર.બી.એસ.કે આરોગ્ય કર્મીઓએ. કે જેઓએ ૧ મહિનો રાજકોટમાં રહીને દર્દીનારાયણની સેવા કરીને તબીબ તરીકેની ઉમદા ફરજ અદા કરી છે. અરવલ્લીના ભિલોડા તાલુકામાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડો. સ્વીટી ચૌધરીએ રાજકોટ અંગેના અનુભવ વિશે વાત કરતા કહ્યું હતું કે, " રાજકોટ આવવાનું થયું ત્યારે પહેલો વિચાર ૬૦ વર્ષીય સાસુ-સસરા કે જેમને ડાયાબીટીસ, બી.પી અને થાયરોડ છે અને પાંચ વર્ષીય પુત્રનો આવ્યો. પરંતુ ગર્વની વાત એ છે કે, મારા પરિજનોએ જ મને કહ્યું કે, ૧ મહિના માટે પરિવાર પછી ફરજ પહેલા. મારા પુત્રના મનમાં પણ એ વાત બેસી ગઈ હતી કે, મમ્મી કોરોના દર્દીઓની સેવા કરવા ગઈ છે. પરિવારની આ સકારાત્મકતાએ મારામાં વધુ જોશ ભર્યો. ખાસ કરીને અહીંના સ્ટાફ વિશે કહું તો તેમનો ખુબ સહકાર મળ્યો છે. શરૂઆતના ૨ દિવસમાં મને ન ગમ્યું પરંતુ પછી રાજકોટ અને રાજકોટવાસીઓ બંને ગમવા લાગ્યા." ધન્વંતરી રથના માધ્યમથી લોકોની સેવા કરવાનો મોકો અને અનુભવ બહુ સારો રહ્યો છે. લોકોનો સહકાર મળ્યો અને ન પણ મળ્યો. પણ હતાશ થયા વિના તેમનું કાઉન્સેલીંગ કરી તેમને એન્ટીજન ટેસ્ટનું મહત્વ સમજાવ્યું. કોરોનાથી રક્ષિત કરવાના અને જેઓને કોરોના થયો હોય તેમને ઝડપી સારવાર મળે તેવા સઘન પ્રયાસો મેં મારી ફરજમાં કર્યા છે તેમ ડો.ચૌધરીએ જણાવ્યું હતું. માતા-પિતાના સપોર્ટ અને પ્રોત્સાહન સાથે કોરોના હોસ્પિટલની ફલુ ઓ.પી.ડી.માં ૧ મહિનો કામગીરી કરીને રાજકોટની આરોગ્યલક્ષી સુવિધાના વખાણ કરતાં ડો. પ્રિયંકા સુવેરાએ જણાવ્યું હતું કે, " હું રાજકોટ આવી ત્યારે અનેક અસમંજસમાં હતી કે, કેવી સુવિધા હશે? કેમ રહેશું? કેવી રીતે કામગીરી કરવાની રહેશે? પરંતુ મારી બધી દુવિધા અહીં આવ્યાના થોડા દિવસોમાં જ દૂર થઈ ગઈ. અમારી રહેવા-જમવાની સુવિધા સારી હતી. સિવિલ હોસ્પિટલમાં પણ પી.પી.ઈ કીટ અને સલામતીના દરેક પગલાઓનું ધ્યાન રાખવામાં આવ્યું છે. હું રાજકોટની ખુશ થઈને જઈ રહી છું." નાગરિકોને તેમના સ્વાસ્થ્ય અંગે સુચનો કરતાં ડો. ચૌધરી અને ડો. સુવેરાએ કહ્યું હતું કે, "તબીબો લોકોની સેવા માટે ખડેપગે તૈયાર છે. પરંતુ અમારે પણ તમારા સહકારની જરૂર છે. કારણ વગર ઘરની બહાર જવાનું ટાળીએ, નિયમિત નાસ લઈએ, સમશમ વટી લેવી અને માસ્ક તેમજ સેનેટાઈઝરનો ઉપયોગ ન ચુકીએ. આ સર્વે વસ્તુ કરીને તમે અમને પરોક્ષ રીતે અચુક મદદરૂપ થઈ શકો છો."






# મહુવા ખાતે કુપોષિત બાળકોને પોષણયુક્ત પૌષ્ટિક આહારનું વિતરણ કરાયું

કમલમ દૈનિક, સુરત

સુરત જિલ્લાના મહુવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જી.એચ.ભક્ત ફાઉન્ડેશન દ્વારા કુપોષણમુક્ત ભારત અભિયાન અંતર્ગત કુપોષિત બાળકોને પૌવા, ગોળ, ખજૂર, ખારેક, દાળિયા, ચણા, પ્રોટીન પાવડર, ફળ, દાડમ, કેળા, સફરજન જેવા વિવિધ પૌષ્ટિક પોષણયુક્ત આહારનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ડો.મહેશભાઈ પટેલે જણાવ્યું હતુ કે, જી.એચ.ભક્ત ફાઉન્ડેશન દ્વારા મહુવા CHC- બાળ સેવા કેન્દ્ર દ્વારા ભક્ત ફાઉન્ડેશનના ભામાશા નારણભાઈ ગોપાળભાઈ ભક્ત દ્વારા દર માસે કુપોષિત બાળકો માટે પૌષ્ટિક આહાર કિટનુ વિતરણ કરવામાં આવે છે,

તેમજ કુપોષિત બાળકોને ૧૪ દિવસ 'બાળ આરોગ્ય સેવા કેન્દ્રહ્લમાં રાખી તેમનું વજન, ઊંચાઈ, લોહીના ટકામાં વધારો, અને વાઈરલ રોગો અને તેના ચેપથી રક્ષણ જેવી આરોગ્યવર્ધક સારવાર કરવામાં આવે છે. બાળક બિમાર પડતું અટકે એ રીતે બાળકને કુપોષણના ચક્રમાંથી મુક્ત કરી શકાય એ અમારો મુખ્ય ધ્યેય છે.

# પ્રજાના પ્રતિનિધિની પ્લાઝમા દાનની અનુકરણીય પહેલ ધારાસભ્ય પ્રવિણભાઈ ઘોઘારીએ પ્લાઝમા ડોનેટ કર્યુ

કમલમ દૈનિક, સુરત

કરંજ વિધાનસભા વિસ્તારના ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ પ્રજાની સેવા કરતા સંક્રમિત થયા બાદ કોરોનાને મ્હાત આપી, કોરોના દર્દીઓને મદદરૂપ થવાં પ્લાઝમા દાનની અનુકરણીય પહેલ કરી છે,પ્રજાના આ પ્રતિનિધિ સ્મીમેર હોસ્પિટલના પ્લાઝમા ડોનર બન્યા છે. ધારાસભ્યશ્રી પ્રવિણભાઈને તા.૦૨ સપ્ટે.ના રોજ તાવના લક્ષણો જણાયા હતાં. રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. ૪૦ ટકા જેટલી કોરોનાની અસર હતી, પણ ઓક્સિજનની ઊણપ કે અન્ય કોઈ શારીરિક તકલીફ ન જણાતા ૧૫ દિવસ હોમ આઈસોલેશનમાં રહીને સારવાર મેળવી હતી. ઘરે જ સ્મીમેરના ડોકટરોની સારવાર મેળવ્યાં બાદ તા.૨૦મી સપ્ટે.ના રોજ કોરોનાને મ્હાત આપી ફરી એકવાર પ્રજાની સેવામાં કાર્યરત થયા છે. પ્લાઝમા દાન દ્વારા સાચા લોકસેવકની પ્રતીતિ કરાવનારશ્રી પ્રવિણ ઘોઘારીએ જણાવ્યું હતું કે, કોરોનામુક્ત થતાં જ સૌપ્રથમ સંકલ્પ કર્યો હતો કે, ૨૮ દિવસ પછી પ્લાઝમા ડોનેટ કરીશ. જેથી ૨૮ દિવસ પૂર્ણ થતા સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં પ્લાઝમા ડોનેટ કર્યું છે.


આપણું પ્લાઝમા બે દર્દીઓની સારવારમાં ઉપયોગી બની રહે છે એમ તેમણે જણાવ્યું હતું. નોંધનીય છે કે, ધારાસભ્યશ્રીએ લોકડાઉન સમયે શ્રમિકોને ભોજન, રાશનકિટસ તેમજ અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવાની જવાબદારી બખૂબી નિભાવી હતી. આ ઉપરાંત હોટસ્પોટ વિસ્તારોમાં ડિસઈન્ફેકશનથી લઈને લોકોમાં કોરોના વાઈરસ સામે જાગૃતિ કેળવાય તેવા પ્રયાસો ઉપરાંત શ્રમિકોને પોતાના વતન હેમખેમ પહોંચાડવા સહિતની અનેક લોકલક્ષી કામગીરી વહન કરી હતી.સ્મીમેર હોસ્પિટલ બ્લડ બેંકના ડો. અંકિતાબેન અને તેમની ટીમના સફળ માર્ગદર્શનથી વધુમાં વધુ કોરોનામુક્ત બનેલાં લોકો પ્લાઝમા ડોનેટ કરવા આગળ આવ્યાં છે. કોવિડ માટેના ખાસ ફરજ પરના અધિકારીશ્રી મહેન્દ્ર પટેલની સીધી દેખરેખ હેઠળ મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાની અને મેયરશ્રી ડો.જગદીશ પટેલ દ્વારા રાજ્ય સરકારના સતત સહયોગ અને માર્ગદર્શનથી કોરોનાનું સંક્રમણ અટકાવવાં પ્રયત્નશીલ છે. સુરતમાં અન્ય શહેરોની સરખામણીએ વધુ વસ્તી ગીચતા હોવા છતાં શહેરી તંત્ર અને આરોગ્ય તંત્રની મહેનતથી કોરોના સંક્રમણને ખાળવામાં સફળતા મળી રહી છે.

# માનવતાની સુવાસ ફેલાવતા પ્લાઝમા ડોનરો

## કોરોના દર્દીઓને નવજીવન બક્ષવા લગાતાર ૬ વખત પ્લાઝમા ડોનેટ કરી વિક્રમ સ્થાપતા વિજયભાઈ મોલીયા

કમલમ દૈનિક, રાજકોટ,

તબીબક્ષેત્ર કોરોના દર્દીઓને સ્વસ્થ કરવા માટે છેલ્લા ઘણાં મહિનાઓથી અડીખમ હિમાલયની જેમ પોતાની ફરજ નિભાવી રહ્યા છે. ત્યારે આરોગ્ય વિભાગ અને આરોગ્ય કર્મીઓનું ઋણઅદા કરવા માટે આમજનો પણ તેમને મદદરૂપ થવા માટે આગળ આવી રહ્યા છે. કોરોનાથી સ્વસ્થ થઈને માનવતાની સુવાસ ફેલવતા પ્લાઝમા ડોનરો પ્લાઝમા ડોનેટ કરીને અન્ય કોરોના દર્દીઓને નવજીવન બક્ષી રહ્યા છે. આવી જ સુવાસ ફેલાવી છે રાજકોટના રહેવાસી વિજયભાઈ મોલીયાએ. ૯ જુલાઈના રોજ કોરોનાથી સંક્રમિત થઈને સ્વસ્થ થયેલા વિજયભાઈએ ૬ વખત પ્લાઝમા ડોનેટ કરીને આપણા સૌ માટે પ્રેરણારૂપ ઉદાહરણ બન્યા છે. પ્લાઝમા ડોનેટ કરવા અંગે પોતાના વિચારો રજુ કરતાં વિજયભાઈએ જણાવ્યું હતું કે, " ૯ જુલાઈના રોજ કોરોનાથી સંક્રમિત થતાં સિવિલમાં સારવાર અર્થે દાખલ થયો હતો. સિવિલના ડોક્ટર્સ, મેડીકલ સ્ટાફ, નર્સ બહેનો અને સફાઈ કર્મીઓએ મારૂં ખુબ ધ્યાન રાખ્યું છે. તેથી હવે મારી ફરજ છે કે હું તેમની આ સેવા બદલ તેમને મદદરૂપ થઉં. મને સિવિલ હોસ્પિટલના પ્લાઝમા ડોનેટ વિભાગમાંથી ફોન આવ્યો કે તમે પ્લાઝમા ડોનેટ કરી શકો છો અને અન્ય બે લોકોને નવજીવન આપી શકો છો. તેથી મેં પ્લાઝમા ડોનેટ કરવાનો વિચાર કર્યો અને આજે છઠ્ઠી વખત પ્લાઝમા ડોનેટ કરી રહ્યો છું." હું જાહેરજનતાને અપીલ કરું છું કે, જો તમે કોરોના મુક્ત થઈને એકદમ સ્વસ્થ હોય તો વિના સંકોચે પ્લાઝમા ડોનેટ કરવા આગળ આવો. આજે ૬ વખત લગાતાર પ્લાઝમા ડોનેટ કરીને હું તમને એ જ પ્રેરણા આપવા માંગુ છું કે, આપણો એક નિર્ણય



અન્યજીવનને સુખમય બનાવી શકે છે. હું આગળ પણ પ્લાઝમા ડોનેટ કરવા તૈયાર છું તેમ વિજયભાઈએ કહ્યું હતું. રાજકોટવાસીઓને કોરોનાના આગળના સમયને ધ્યાન રાખીને આગમચેતી માટે પ્લાઝમા ડોનેટ કરવાની અપીલ કરતાં પ્લાઝમા વિભાગના ડો. કૃપાલ પુજારાએ કહ્યું હતું કે, " બહુ સારી વાત છે કે અમુક પ્લાઝમા ડોનરોનો સામેથી ફોન આવે છે કે સર અમારે ૧૫ દિવસ થઈ ગયા છે. અમારે પ્લાઝમા ડોનેટ કરવું છે. વિજયભાઈ મોલીયાએ ૬ વખત પ્લાઝમા ડોનેટ કરીને સૌને પ્રેરણા પૂરી પાડી છે. આ ઉપરાંત સંજયભાઈ લાખાણી અને નિશિતભાઈ રાડીયાએ પણ ત્રણ-ચાર વખત પ્લાઝમા ડોનેટ કર્યું છે. હું નમ્ર અપીલ કરું છું કે લોકો સ્વૈચ્છાએ પ્લાઝમા ડોનેટ કરવા માટે આગળ આવે. કોરોનાને કાબુમાં લેવા અને દર્દીઓને સ્વસ્થ કરવા માટે આગમચેતીના ભાગરૂપે પ્લાઝમા ડોનેટ કરીને અમને સહકારરૂપ બને."તો ચાલો, વિજયભાઈની જેમ પ્લાઝમા ડોનેટ કરીએ અને અન્યને નવજીવન બક્ષીએ.

# 'વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસ' અંતર્ગત સુરતમાં માર્ગ અકસ્માતમાં ભોગ બનેલા મૃતકોને સંવેદનાસભર શ્રદ્ધાંજલિ અપાઈ



કમલમ દૈનિક, સૂરત,

માર્ગ અકસ્માતમાં અવસાન પામેલા વિશ્વભરમાં નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે 'વર્લ્ડ ડે ઓફ રિમેમ્બરન્સ- વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાય છે. સુરતમાં પણ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા હતભાગીઓને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપવા તથા માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઓછું થાય તે માટે જાગૃતિ લાવવાના પ્રયાસ સ્વરૂપે સુરત શહેર ટ્રાફિક પોલિસ અને ડિસ્ટ્રીકટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં અકસ્માત નિવારણ કેન્દ્રના પ્રમુખ રાજુભાઈ ઠક્કર અને રોડ સેફટી ટ્રેઈનર અને ટ્રાફિક એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રેસિડેન્ટ બ્રિજેશ વર્મા તથા વિશેષ અતિથિઓ અને સોશ્યલ વર્કર ભૂપેન્દ્ર શાહ, ધર્મેશભાઈ ગામી, અકસ્માત નિવારણ કેન્દ્રના ઉપપ્રમુખ બેલાબેન સોની, ઉમરા પોલીસ અને ટ્રાફિક પોલીસના પોલિસ જવાનો-કર્મચારીઓ તેમજ શહેરના નાગરિકો અને મીડિયાકર્મીઓએ ઉપસ્થિત રહીને રોડ અકસ્માતથી અવસાન પામેલા લોકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# મેયર ડો. જગદીશ પટેલે સુરતની વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ સાથે કોરોના સંક્રમણ નિયંત્રણ અંગે બેઠક યોજી



કમલમ દૈનિક, સુરત,

કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ મેયર ડો. જગદીશ પટેલ અને મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ સુરતની વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ સાથે કોવિડ સંક્રમણના નિયંત્રણ અંગે બેઠક યોજી હતી. જેમાં ઉદ્યોગકારો સાથે વિચાર વિમર્શ કરી તેમના સૂચનો લીધા હતાં. આ બેઠકમાં કોરોના નિયંત્રણ, સ્મીમેર અને સિવિલમાં ઉપલબ્ધ સારવાર, લોકો તેમજ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતાં કારીગર વર્ગને કોરોના સામે સાવધ રહેવા માર્ગદર્શન અને ટ્રીટમેન્ટ પ્રોટોકોલના સર્વેલન્સ માટેના જરૂરી સૂચનો પર ચર્ચા કરવામાં આવી હતી. અને ઈન્ડસ્ટ્રીઝમાં શક્ય તેટલું કોરોના સંક્રમણ અટકાવી શકાય તે માટે તંત્ર અને ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓના સહિયારા પ્રયાસો અંગે રણનીતિ ઘડવામાં આવી હતી. સુરત મહાનગરમાં કોરોનાના વધતા જતા કેસોની સ્થિતિને ધ્યાને રાખી તેને સુસંગત કોવિડ-૧૯ની નિયંત્રણ વ્યૂહ રચના વધુ સઘન બનાવવા અંગે પરસ્પર સૂચનોનું આદાનપ્રદાન કરાયું હતું.

# પોલીસ વિભાગે માસ્ક ન પહેરનાર લોકો પાસેથી વસુલ્યો રૂ.૨૦ લાખથી વધુનો દંડ

## પાટણ જિલ્લામાં માસ્ક ડ્રાઈવ અંતર્ગત છેલ્લા પાંચ દિવસમાં બે હજાર કરતાં વધુ લોકોને દંડ, ૧૯ લોકો સામે કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધાયો



કમલમ દૈનિક, પાટણ

દિન-પ્રતિદિન વધી રહેલા કોવિડ-૧૯ના કેસને ધ્યાને લઈ ફરજીયાત માસ્ક પહેરવાના જાહેરનામાનો ભંગ કરનાર લોકો સામે પોલીસ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. માસ્ક ડ્રાઈવ અંતર્ગત માસ્ક ન પહેરનાર લોકો પાસેથી સ્થળ પર જ દંડ વસુલ કરવા ઉપરાંત દંડ ભરવાનો ઈનકાર કરનાર સામે કલમ-૧૮૮ હેઠળ ગુનો નોંધવામાં આવી રહ્યો છે. દિવાળીના તહેવારો માં બજારોમાં થયેલી ભીડભાડ ના કારણે કોરોના વાયરસનું સંક્રમણ વધતાં જિલ્લામાં દિન-પ્રતિદિન કોવિડ-૧૯ના કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે પોલીસ વિભાગે માસ્ક ન પહેરનાર લોકો સામે સખત વલણ દાખવી દંડ વસુલવાનું શરૂ કર્યું છે. જે અંતર્ગત જિલ્લાના નવ તાલુકાઓમાંથી તા.૧૮ નવેમ્બરથી તા.૨૨ નવેમ્બર સુધી એટલે કે છેલ્લા પાંચ દિવસમાં ૨૦૦૭ લોકો પાસેથી રૂ.૨૦,૦૭,૦૦૦ જેટલો દંડ વસુલ કરવામાં આવ્યો છે.સાથે સાથે દંડ ભરવાનો ઈનકાર કરનારા કુલ ૧૯ લોકો સામે કલમ-૧૮૮ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. કોરોના વાયરસ સામે રક્ષણ મેળવવા તથા સુરક્ષિત રહેલા લોકોમાં જાગૃતિ કેળવાય તે માટેના જિલ્લા વહિવટી તંત્રના પ્રયાસો બાદ પણ તેની અવગણના કરી નિયમનો ભંગ કરનાર લોકો સામે આગામી દિવસોમાં પણ દંડાત્મક કાર્યવાહી ચાલુ રહેશે.

